# ગાંધીનગર બેઠક પર ૬૪.૮૭ ટકા મતદાન

**૨૦૧૪ કરતાં મતદાનમાં આંશિક ઘટાડો : મતદારોએ મતદાન માટે ગરમીની પણ પરવાહ ન કરી : શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોએ કતારો લગાવી : ૩૦ જેટલા સ્થાનો પર બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ કાં તો વી.વી. પેટ બદલવા પડ્યા : શાંતિપૂર્ણ મતદાન સંપન્ન**







ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સંસદીય મતવિસ્તારનો હાઈ પ્રોફાઈલ જંગ લડતા ૧૭ ઉમેદવારોના રાજકીય ભાવિ આજે મતદાન પૂર્ણ થતાં સીલ થઈ ગયા છે.

આજે યોજાયેલ મતદાનમાં ૬૪.૮૭ ટકા મતદારોએ મતદાન કરી અને લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદાર થયા હતા. વહેલી સવારથી જ મતદારોએ મતદાન માટે લાઈનો લગાવી દીધી હતી જે મોડી સાંજ સુધી ચાલી હતી.

કોઈપણ પ્રકારની રાજકીય લ્હેર નહિ હોવા છતાં આ વખતે મતદારોએ ભારે ઉત્સાહ મતદાન દરમ્યાન દાખવ્યો હતો. ઝનૂન કે જુસ્સો મતદારોએ કળવા દીધો ન હતો અને એટલે જ આ જંગ રોચક બન્યો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મતદારોની લાઈનો જોવા મળી હતી.

સવારે ૭ વાગે મતદાનના આરંભ પૂર્વે ૬ વાગે મોકપોલ યોજવામાં આવ્યુ હતુ. મળતી વિગતો પ્રમાણે મોકપોલ દરમ્યાન ૧૫ બેલેટ યુનિટ, ૧૮ કંટ્રોલ યુનિટ અને ૨૩ જેટલા વી.વી.પેટમાં ક્ષતિ જણાતાં તેમને તાત્કાલિક બદલી નાખવામાં આવ્યા હતા જેથી મતદાન પર તેની અસર થઈ ન હતી.





મળતી વિગતો પ્રમાણે સાણંદ વિધાનસભા મતવિસ્તારના બુથ નં. ૭૨માં મોકપોલ પછી વી.વી.પેટમાંથી સ્લીપ લઈ લેવામાં આવી હતી પરંતુ તેમાં ઈરેઝનું બટન દબાવવામાં ન આવતાં થયેલ મતદાન કરતાં વધુ મત દર્શાવાતા હતા. જોકે આ પછી એજન્ટો સાથે વાતચીત કર્યા બાદ મતદાન ચાલુ રખાયુ હતુ પરંતુ આ અંગે કમિશનને અહેવાલ મોકલવામાં આવ્યો છે. જોકે તે અંગેનો નિર્ણય હવે પછી લેવામાં આવશે.

આજે દિવસ દરમ્યાન ગરમીના પ્રકોપને કારણે ૧૪ જેટલા બેલેટ યુનિટ, ૭ કંટ્રોલ યુનિટ અને ૯ જેટલા વી.વી.પેટ ખોટકાતાં તેમને રિપ્લેસ કરી મતદાન આગળ ધપાવવામાં આવ્યુ હતુ.

દિવસ દરમ્યાન મતદારોએ ભારે ઉત્સાહ દાખવતા ૧૨ થી ૪ દરમ્યાન પણ મતદાનની ટકાવારીમાં ઘટાડો જોવા મળ્યો ન હતો.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે સવારથી જ મતદારોએ મતદાન માટે ભારે ઉત્સાહ દાખવ્યો હતો. જોકે તંત્રને આચારસંહિતા ભંગની ૭ થી વધુ ફરિયાદો મળી હતી પરંતુ તેમાં કોઈ તથ્ય ન જણાતાં તેનો નિકાલ કરાયો હતો.

સંસદીય મતવિસ્તારમાં આજે મતદાન શાંતિપૂર્ણ રહેતાં તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો.

સંસદીય મતવિસ્તારમાં નોંધાયેલ અંદાજિત ૬૪.૮૭ ટકા મતદાનમાં ગાંધીનગર (ઉ) બેઠક માટે ૬૨.૪૩, કલોલમાં ૬૭.૪૫, સાણંદમાં ૬૮.૩૫ ટકા, ઘાટલોડિયામાં ૬૮.૯૫ ટકા, વેજલપુરમાં ૬૦.૩૧ ટકા, નારણપુરામાં ૬૩ ટકા, સાબરમતીમાં ૬૩.૨૫ ટકા જેટલુ અંદાજે મતદાન નોંધાયુ છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૨૦૧૪ની તુલનામાં મતદાન ઓછુ જરૂર નોંધાયુ છે પરંતુ જંગ રોચક બનશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. ગાંધીનગર (ઉ), કલોલ અને સાણંદમાં કોંગ્રેસનો દેખાવ સારો રહેશે જ્યારે ઘાટલોડિયા, નારણપુરા અને સાબરમતીમાં ભાજપનો દેખાવ સારો રહેશે તેવા અનુમાનો વચ્ચે સરસાઈ અંગેના તર્કવિતર્કો વ્યક્ત પણ ચર્ચામાં થતા સાંભળવા મળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર





## મતદાન દરમ્યાન પ્રિસાઈડીંગ ઓફિસરને ગભરામણ

ગાંધીનગર, તા. ૨૩

આજે સવારે ગાંધીનગર (ઉ)માં મતદાન શરૂ થયા બાદ ગાંધીનગર શહેરના સે. ૧૩માં આવેલ બુથ નં. ૧૪૭માં પ્રિસાઈડીંગ ઓફિસરની તબિયત લથડી હતી. તેમણે ગભરામણ થતી હોવાની ફરિયાદ કરી હતી. આની જાણ મદદનીશ ચૂંટણી અધિકારી ભોરણિયાને કરતાં તેઓ તાત્કાલિક મતદાન મથકે પહોંચ્યા હતા અને રિઝર્વ સ્ટાફમાંથી પ્રિસાઈડીંગ ઓફિસરને ફરજ સોંપી બિમાર ઓફિસરને હોસ્પિટલાઈઝ્ડ કરાયા હતા.

જ્યાં તેમને સારવાર આપવામાં આવી હતી અને સાંજે રજા પણ આપી દેવામાં આવી હતી.

ગઈકાલે એક પોલીંગ ઓફિસર-૧ને હાર્ટએટેક આવ્યો હતો અને તેને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો જ્યાં તે કર્મયોગીની તબિયત સારી હોવાના અહેવાલો સાંપડ્યા છે.

## જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પર ૬૩.૮૩ ટકા મતદાન

**સૌથી વધુ કલોલમાં તો સૌથી ઓછુ દહેગામમાં, ચેખલારાણી ગામે ૧ાા કલાક મતદાનનો ગ્રામજનોએ બહિષ્કાર કર્યો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પર આજે લોકસભાના ચૂંટણી જંગ માટે ૬૩.૮૩ ટકા મતદાન નોંધાયુ છે.

જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ત્રણ સંસદીય મતવિસ્તારની સાથે સંકળાયેલ છે. આજે સવારથી જ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મતદાન માટે મતદારોએ મતદાન માટે લાઈનો લગાવી દીધી હતી.

જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન થવા પામ્યુ છે. જોકે ગાંધીનગર (દ) બેઠક પર ચેખલારાણી ગામે સવારે મતદારોએ ચૂંટણીના બહિષ્કારનું એલાન કરતાં જ સમગ્ર જિલ્લામાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. આ બાબતની જાણ રાજકીય આગેવાનોને થતાં બધા ચેખલારાણી દોડી ગયા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના આગેવાનોની દરમ્યાનગીરી બાદ એક થી દોઢ કલાક બાદ મતદાન ચાલુ થઈ ગયુ હતુ.

જિલ્લામાં ઈ.વી.એમ. ખોટકાવાની ફરિયાદો મળતાં તકનીકી ટીમો પણ દોડી હતી. શિહોલી મોટી, ચાંદખેડા, ગાંધીનગર (ઉ)ના પણ એક-બે સ્થાનોએ ઈ.વી.એમ. બદલવામાં આવ્યા હતા જોકે તેની કોઈ અસર મતદાન પ્રક્રિયા પર થઈ ન હતી.


આજે સાંજે મળેલા અહેવાલો અનુસાર દહેગામમાં ૬૦.૬૯ ટકા, ગાંધીનગર (દ) બેઠક પર ૬૪.૪૦ ટકા, ગાંધીનગર (ઉ) બેઠક પર ૬૨.૪૩ ટકા, માણસા બેઠક પર ૬૩.૬૭ ટકા, અને કલોલ બેઠક પર ૬૭.૪૫ ટકા મતદાન નોંધાયુ છે.

જિલ્લામાં સૌથી વધુ મતદાન કલોલ બેઠક પર જ્યારે સૌથી ઓછુ મતદાન દહેગામ બેઠક પર નોંધાયુ છે. જિલ્લામાં નોંધાયેલ ૧૨ લાખ ૨૨ હજાર જેટલા મતદારોમાંથી ૭ લાખ ૮૦ હજારથી વધુ મતદારોએ મતદાન કર્યુ હતુ.

## ગાંધીનગરમાં વીવીઆઈપી વોટીંગની બોલબાલા..!!!

**રાજ્યપાલ ઓ.પી. કોહલી, પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સહિત ડો. સી.જે. ચાવડા, જે.એન. સીંઘ અને શક્તિસિંહ ગોહિલે મતદાન કર્યુ**











ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થઈ જવા પામ્યું હતું અને બપોર સુધીમાં પાટનગરમાં વિવિધ મહાનુભાવો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાં મતદાન મથકે પહોંચ્યા હતા. આ મહાનુભાવોમાં પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રિય મંત્રી રહી ચુકેલા શંકરસિંહ વાઘેલા, ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અને લોકસભાના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડા, રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલી, વિધાનસભાના પૂર્વ વિપક્ષ નેતા અને પીઠ કોંગ્રેસી શક્તિસિંહ ગોહિલ તથા રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સીંઘનો સમાવેશ થાય છે.

સૌપ્રથમ ડૉ. સી.જે. ચાવડાએ સેક્ટર-૬ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં આઠ વાગ્યાના સુમારે મતદાન કર્યુ હતુ. આ સાથે તેમણે કોંગ્રેસની જીતનો દાવો કરતા ભાજપ પર હારવાના ડરે કેટલાક બુથ પર અસમાજિક તત્વોનો ઉપયોગ કરાઈ રહ્યો હોવાનું જણાવ્યુ હતુ. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર વાસણ ગામે સવારે ૯ કલાકે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા મતદાન કરવા પહોંચ્યા હતા જ્યાં તેમણે ભાજપ અને નરેન્દ્ર મોદી જુઠ્ઠા પ્રચાર સાથે રાષ્ટ્રની જનતાને ભ્રમિત કરતા હોવાનો આક્ષેપ કરતા નાગરિકોને તેમના જુઠ્ઠાણા વિરૂદ્ધ મતદાન કરવા અપીલ કરી હતી. અંદાજે દસ વાગ્યાના સુમારે સેક્ટર-૨૦માં રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સીંઘે ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે મતદાન કર્યુ હતુ. મતદાન કર્યા બાદ તેમણે નાગરિકોને રાષ્ટ્રના ભલા માટે સારા ઉમેદવારોને પસંદ કરવા મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

સેક્ટર-૨૦માં સરકારી પ્રાથમિક શાળામાં અંદાજે સાડાદસ વાગ્યાના સુમારે રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલી મતદાન કરવા આવી પહોંચ્યા હતા અને તેમણે મતદાન કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ''રાષ્ટ્રની સુરક્ષા અને રાષ્ટ્રના વિકાસ માટે કાર્યરત હોય તેવા ઉમેદવારોને મોટી સંખ્યામાં મતદાન કરી લોકતંત્રના પર્વને ઉજવો'' આ સાથે તેમણે યુવા મતદારોને મોટી સંખ્યામાં મતદાનમાં ભાગ લેવા ખાસ અપીલ કરી હતી. આશરે ૧૧ વાગ્યાના સુમારે કોંગ્રેસી નેતા શક્તિસિંહ ગોહિલે મતદાન કર્યા બાદ નરેન્દ્ર મોદી વિરૂદ્ધ જુઠ્ઠાણા ફેલાવાનો અને મત માટે રાષ્ટ્રવાદના નામે સેનાનો ઉપયોગ કરવાનો આક્ષેપ કર્યો હતો તેમજ ભાજપને તેમણે ''વાયદાના સૌદાગર'' પાર્ટી ગણાવી હતી. આ ઉપરાંત સે. ૨૦માં ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ સહિત શહેરમાં અનેક રાજકીય અગ્રણીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. મુરલી કૃષ્ણાએ સેક્ટર-૯, ગાંધીનગર ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને મતદાન કર્યુ હતુ.

## ખાનગી વ્યવસાયિકના નામે બેલેટ પેપરથી બોગસ વૉટીંગ થયુ હોવાની રાવ..!!!

**કુડાસણના રીઅલ એસ્ટેટનો બીઝનેસ કરતા રાજેન્દ્ર પરમાર તેમના નામે બેલેટ પેપરથી વોટીંગ થઈ ગયુ હોવાનું જણાવતા મતદાતા આશ્ચર્યચકિત... અધિકારીઓને મળવા છતાં કોઈ નિવેડો આવી ના શક્યો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં આજે કુડાસણ



ખાતે પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં મતદાન કરવા પહોંચેલા રાજેન્દ્ર પરમાર નામના મતદાતાને એમ કહેવામાં આવ્યું કે ''તમારો વૉટ તો બેલેટ પેપરથી અપાઈ ગયો છે'' અને તે સાથે આ મતદાતાના આશ્ચર્યનો પાર ના રહ્યો કેમકે પોતે એક ખાનગી વ્યવસાયિક હોવાથી તેનો મત બેલેટ પેપરથી કેવી રીતે અપાયો હોઈ શકે ? આ બાબતે તેણે પ્રિસાઈડીંગ ઓફિસરથી માંડીને નાયબ મામલતદાર સુધી ફરિયાદ કરી ધમપછાડા કરવા છતાં ચૂંટણીતંત્ર તેનો કોઈ યોગ્ય ઉકેલ આપી શક્યું નહી અને તેને વૉટીંગ કરવા દેવાયુ નથી. છેવટે આ બાબતે

● અનુસંધાન પાન-૭ પર

### મતદાતા ક્રમાંક સહિતની વિગતો સાચી તો મતદાન કોણ કરી ગયું ??

રાજેન્દ્ર પરમારનો ચૂંટણી ઓળખ કાર્ડ નં. એસજીએચ ૨૩૫૫૭૩૩ છે અને તેમને ચૂંટણી પંચ દ્વારા ફાળવવામાં આવેલી સ્લીપ મુજબ ક્રમાંક નં. ૭૯૨થી ભાગ નં. ૧૪૩માં રૂમ નં. ૦૮માં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ કુડાસણ ખાતે મતદાન કરવાનું હતુ. આમ ચૂંટણી પંચ દ્વારા મતદાનની સ્લીપ પણ ફાળવવામાં આવી હતી પરંતુ તેમના નામ સામે બેલેટ પેપરથી વૉટીંગ કરાયું હોવાનો લાલ સિક્કો લગાડેલો દર્શાવાયો હતો જેથી તેમને મતદાન કરવા દેવાયુ નહોતુ જ્યારે તેમના નામે કોઈ બેલેટ પેપરથી બોગસ વોટીંગ થઈ ગયું હોવાની તેમણે શંકા વ્યક્ત કરી છે.

## શહેરના સિનેતારકોનું મતદાન





ગાંધીનગરમાં સ્થાનિક સિનેતારકોએ પણ મતદાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શહેરમાં બૉલીવુડ અભિનેત્રી અવની મોદીએ સેક્ટર-૨માં અને ગુજરાતી ફિલ્મ અભિનેતા વિક્રમ ઠાકોરે સે. ૧૫ ફતેપુરા ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બંને સિનેતારકોએ મતદાતાઓને લોકશાહીના પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ વધુમાં વધુ વૉટીંગ કરવા અપીલ કરી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

## ગુજરાતમાં બોર્ડનું પરિણામ મે માસના છેલ્લા સપ્તાહમાં

**વિદ્યાર્થીઓમાં પરિણામને લઇ ઉત્સુકતાનો અંત : ધોરણ-૧૦નું પરિણામ ૨૮મી અને ધોરણ-૧૨નું ૩૧મી મેએ પરિણામ : ગુજરાતમાં ૧૮.૫૦ લાખ વિદ્યાર્થી હતા**

ગાંધીનગર,તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦નું પરિણામ તા.૨૮મી મેએ અને ધોરણ-૧૨નું પરિણામ તા.૩૧મી મેએ જાહેર થશે. આ પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાંથી ૧૮.૫૦ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાઓ માટે ૧૩૭ ઝોનમાં આવેલા ૧૬૦૭ કેન્દ્રો પર પરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરીક્ષામાં ૮૫ હજાર કર્મચારીઓ હાજર રહ્યાં હતા. રાજ્યના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા તા.૭મી માર્ચથી શરૂ થઇ હતી ત્યારે હવે પરિણામની તારીખો સામે આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહની સાથે સાથે સહેજ ગભરાહટ અને થોડા ટેન્શનની લાગણી પ્રવર્તી રહી છે. બીજીબાજુ, રાજ્યમાં બોર્ડની પરીક્ષા બાદ હવે પરિણામને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા પણ તમામ તૈયારીઓ પુર્ણતાના આરે છે. ગુજરાતમાં તા.૭થી ૨૩ માર્ચ દરમિયાન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ હતી. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ માટે કુલ ૧૩૭ ઝોનમાં આવેલા ૧૬૦૭ કેન્દ્રો કે જેમાં ૫૮૭૪ બિલ્ડીંગોનો સમાવેશ થતો હતો. તેના ૬૩૬૧૫ પરીક્ષા ખંડોમાં પરીક્ષાઓ લેવાઈ હતી. ધોરણ-૧૦ અને ૧૨માં આ પરીક્ષાઓમાં કુલ ૧૩૫ જેટલા વિષયોની પરીક્ષાઓ લેવાઈ હતી. પરીક્ષાની કામગીરીમાં કુલ ૮૫,૦૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત રહ્યા હતા. આ બંને પરીક્ષાઓમાં કુલ ૧૮.૫૦ લાખ વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com